**વાદીની  કામચલાઉ મનાઈહુકમ મળવા અંગેની આંક–૫ ની અરજી લગત  હુકમ**

(૧) વાદીની આંક–૫ ની કામચલાઉ મનાઈ હુકમની અરજી લગતનો હાલનો હુકમ કરેલ હોય માટે અરજીની હકીકતોનુ પુનરાવર્તન કરેલ નથી. પ્રતીવાદી પક્ષે આંક–૧૪ થી વાંધા જવાબ રજુ રાખેલ છે અને તે મુજબ જ હાલની અરજી લગત મૌખીક રજુઆત કરેલ છે. વાદી પક્ષે આંક–૧૬ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે જે વંચાણે લીધેલ છે. વાદી પક્ષે માર્ક ૪/૧ થી ૪/૬ સુધીના રજુ કરેલ દસ્તાવેજો તથા વાદીની અરજી આધારે કોર્ટ કમીશ્નરશ્રી દવારા કરવામા આવેલ માર્ક–૭/૧ વાળુ સ્થળ રોજકામ તથા રફ સ્કેચ ધ્યાને લીધા. બન્ને પક્ષની મૌખીક રજુઆત સાંભળી.

(૨) કામચલાઉ મનાઈ અરજીના નીર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

| ક્રમ | મુદા | નિર્ણય |
|---|---|---|
| ૧ | શું વાદી  નો પ્રથમદર્શનીય કેસ છે? | નકારમા |
| ૨ | શું સગવડ–અગવડની સમતુલા વાદીની તરફેણમા છે ? | નકારમા |
| ૩ | શું વાદીને માંગ્યા મુજબ વચગાળાનો  મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે? | નકારમા |
| ૪ | શું હુકમ ? | આખરી હુકમ મુજબ |

## –::મુદા નં. ૧ થી ૩ ના નિર્ણયના કારણો::–

(૩) ઉપરોકત ત્રણેય મુદાનો નિર્ણય કરતા પહેલા એ નોંધવુ જરુરી છે કે કામચલાઉ મનાઈ હુકમની દાદ એ સમન્યાય પ્રકારની દાદ હોવાથી વાદી હકની રૂએ આ દાદ માંગી શકે નહી. કામચલાઉ મનાઈ હુકમની દાદ મંજુર કરવી કે કેમ તે ગુણદોશના આધારે અદાલતની વિવેક બુધ્ધીની સત્તાને આધીન છે. સદર સિધ્ધાંત લક્ષમા રાખી ઉપરોકત મુદાઓની ચર્ચા કરીએ તો સૌપ્રથમ વાદીના પક્ષ નીવેદન તથા દસ્તાવેજી પુરાવા આધારે પ્રથમ દર્શનીય કેસ હોવાનુ વાદીએ અદાલત સમક્ષ સ્થાપીત કરવુ પડે.

વાદીની તકરાર ધ્યાને લઈએ તો આ કામના પ્રતીવાદી દાવા વાળી મીલકતના પહેલા માળે આવેલ દુકાન નં. ૧ થી ૭ ના ભાડુઆત છે અને તેને માર્ક ૪/૬ વાળી ભાડાચીઠીની શરતોથી વિરુધ્ધ જઈ સદર મીકલતમા હોસ્ટેલ ચલાવવાના સ્થાને ભાડુતી જગ્યામા બ્લોક બનાવવા તથા પાણીના કુંડા બનાવવા માટેની ઉદ્યોગ શરુ કરેલ છે અને કાયમી પ્રકારનુ બાંધકામ કરી રહેલ છે. પ્રતીવાદીએ આ હકીકતોનો સ્પષ્ટપણે ઈનકાર કરેલ છે.

વાદી દવારા કોર્ટ કમીશ્નર મારફતે જે સ્થળ રોજકામ કરાવેલ છે તે માર્ક ૭/૧ થી આ કામે રજુ થયેલ છે. રોજકામ તથા રફ સ્કેચ ધ્યાને લેતા વાદીના કહયા મુજબની ૧ થી ૭ નંબર વાળી દુકાનો પ્રથમ માળે આવેલ છે તેવુ જણાઈ આવે છે પરંતુ આ દુકાનોમા પ્રતીવાદી દવારા કોઈ કાયમી સ્વરુપનુ કે કામચલાઉ સ્વરુપનુ નવુ બાંધકામ કરી ફેરફાર કરેલ હોય તેવુ ફલીત થતુ નથી. દાવો દાખલ કરતા પહેલા તકરારી ભાડુતી મીલકતની શુ સ્થીતી હતી તે બાબતે વાદીએ કોઈ પ્રાથમીક પુરાવો રજુ કરેલ નથી. તેવા સંજોગોમા વાદીની વચગાળાની દાદ મંજુર કરવાની રજુઆત પ્રથમદર્શનીય રીતે ગ્રાહય રાખવા પાત્ર જણાતી નથી. વધુમા માર્ક ૭/૧ વાળુ સ્થળ રોજકામ તથા રફ સ્કેચ ધ્યાને લેતા તકરારી મીલકતના ભોંય તળીયાના ભાગે પશ્ચિમ તરફ લોખંડનો દરવાજો , દીવાલ , દક્ષીણ–પશ્ચિમ ખુણે પતરાનો શેડ , દક્ષીણ તરફ દીવાલ , નાળીયેરીના ઝાડ, પુર્વ તરફ સંડાસ બાથરુમ, ઝાડ તથા ઉતર તરફ પાણીનો ટાંકો , ગેંડી , નળ , લોખંડનો દરવાજો આવેલ હોવાનુ દર્શાવેલ છે પરંતુ તકરારી મીલકતના ભોંય તળીયાના ભાગે બ્લોક તથા પાણીના કુંડા બનાવવાનો ઉદ્યોગ ચાલતો હોય તેવી કોઈ જ હકીકત માર્ક ૭/૧ વાળા રોજકામ તથા નકશાથી રેકર્ડ પર આવતી નથી. સ્થળ રોજકામ મુજબ ભોંયતળીયાના ભાગે ઉપરોકત જણાવ્યા મુજબની દીવાલ , શેડ, પાણીનો ટાંકો, સંડાસ બાથરુમ વિગેરે આવેલ હોવાનુ દર્શાવેલ છે પરંતુ આ તમામ બાંધકામ પ્રતીવાદી દવારા કરવામા આવેલ હોય તેવુ ફલીત થતુ નથી. આ સંજોગોમા વાદીના જણાવ્યા મુજબ ખરેખર પ્રતીવાદી દવારા તકરારી મીલકતના ભોંયતળીયાના ભાગે બાંધકામ કરેલ હોવાની હકીકત પ્રથમદર્શનીય રીતે સાબીત થતી નથી. આમ વાદી તકરારી મીલકતના પ્રથમ માળે આવેલ ૧ થી ૭ દુકાનોમા તેમજ ભોંયતળીયાના ભાગે પ્રતીવાદી દવારા બાંધકામ કરેલાની તથા ભાડુતી હેતુ સીવાય અન્ય હેતુ માટે ભાડુતી મીલકતનો ઉપયોગ કરતા હોવાની હકીકત પ્રાથમીક દ્રષ્ટિએ સાબીત થતી ન હોય વાદીનો પ્રથમદર્શનીય કેસ પુરવાર થતો નથી. વાદી આંક–૧ વાળી દાવા અરજીના પેરા–૬ મા પ્રતીવાદીએ **કાયમી પ્રકારના ફેરફારો શરુ કરેલા છે અને ભાડુતી જગ્યમા પ્લોટ**

**બનાવવા તથા પાણીના કુંડા બનાવવા માટેનો ઉદ્યોગ શરુ કરેલ છે** તેવી હકીકત જણાવેલ છે જયારે હાલની વચગાળાની અરજીના પેરા–૬ મા **"હોસ્ટેલના હેતુ માટે આપેલ જગ્યામા બ્લોક બનાવવાનુ ઓદ્યોગીક હેતુ માટેની કાર્યવાહી શરુ કરેલ છે તેવી હકીકત જણાવેલ છે"** આમ વાદી પોતેજ દાવા અરજી તથા વચગાળની મનાઈ અરજીમા પ્રતીવાદીના કૃત્ય સંદર્ભે વિરોધાભાષી હકીકત જણાવે છે. પ્રતીવાદી દવારા તકરારી મીલકતમા બ્લોક બનાવવાનો ઉદ્યોગ શરુ કરી દીધેલ છે કે શરુ કરવાની તૈયારી કરી રહેલ છે તે બાબતે વાદી પોતેજ સ્પષ્ટ ન હોય તથા વાદીના જણાવ્યા મુજબ બ્લોક તથા પાણીના કુંડા બનાવવાનો ઉદ્યોગ પ્રતીવાદીએ શરુ કરી દીધેલ હોય કે શરુ કરવા માટેની કોઈ તૈયારની ભાગરુપે કોઈ બાંધકામ કર્યા હોય તેવી હકીકતને કોર્ટ કમીશનરશ્રીના સ્થળ રોજકામથી લેશમાત્ર સમર્થન મળતુ નથી. જેથી વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવામા નીષ્ફળ ગયેલ હોય વચગાળાની મનાઈ હુકમની દાદ મંજુર કરવા માટેના , નાણામા ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન તથા સગવડ અગવડની સમતુલા ના પરીબળોની વધુ ચર્ચા કરવાની રહેતી નથી. આમ ઉપરોકત તમામ ચર્ચા તથા કારણો સર મુદા નં. ૧ થી ૩ નો ઉતર નકારમા ઠરાવી મુદા નં. ૪ લગત નીચે મુજબનો હુકમ કરુ છુ.

**–:: હુ ક મ ::–**

(૧) વાદીની આંક–૫ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

ઉપર મુજબનો હુકમ આજરોજ તા.૨૦ મી માહે ફેબ્રુઆરી, સને–૨૦૨૫ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ :– માંગરોળ.

તારીખઃ ૨૦–૦૨–૨૦૨૫.

(ચંગીઝ મસવર રાઠોડ)
મુખ્ય સિવિલ જજ,
માંગરોળ.

JUDGE CODE NO.GJ-01238